

ક્લિન એન્ડ ગ્રીન

**મહાનગરપાલિકા બન્યા બાદ પણ સ્વચ્છતાનાં ધોરણોને વાપી મનપાની ટીમે જાળવી રાખ્યું, નેશનલ લેવલમાં 20મા સ્થાને રહી સમગ્ર દેશમાં આગળ**

# વાપી મનપા સ્વચ્છતામાં રાજ્યમાં 5મા સ્થાને

**ભારત** સરકારના ગૃહનિર્માણ અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ કરાયું




### સિટી રિપોર્ટ કાર્ડ

- ડોર ટુ ડોર કલેક્શન ઓફ વેસ્ટ 95%
- સોર્સ સેગ્રીગેશન 79%
- વેસ્ટ જનરેશન વર્સિસ પ્રોસેસિંગ 100%
- રેમીડીએશન ઓફ ડમ્પ સાઇટ્સ 0%
- ક્લીનલીનેસ ઓફ રેસિડેન્સિઅલ એરિયાઝ 100%
- ક્લીનલીનેસ ઓફ માર્કેટ એરિયાઝ 100%
- ક્લીનલીનેસ ઓફ વોટર બોડીઝ 100%
- ક્લીનલીનેસ ઓફ પબ્લિક ટોઇલેટ્સ 83%

વાપી: વાપી મહાનગરપાલિકા બન્યા બાદ સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રેસર રહીને વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન (વીપીએમસી) રાજ્યમાં 5 સ્થાને, જ્યારે દેશમાં 20મા સ્થાને રહીને વાપીનું ગૌરવ વધાર્યુ છે.

વાપી શહેરમાં સ્વચ્છતા માટે મનપાની કામગીરીને સ્વચ્છતા માટે રાષ્ટ્રીય કક્ષાએ બિરદાવવામાં આવી છે. આમ પણ વાપી પાલિકા હતી ત્યારે પણ સ્વચ્છતા અભિયાનમાં રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવીને પાછલાં વર્ષોમાં વાપીનું ગૌરવ વધાર્યુ જ છે. હવે મહાનગરપાલિકા બન્યા બાદ પણ સ્વચ્છતાનાં ધોરણોને વાપી મનપાની ટીમે જાળવી રાખીને ફરી વાપીને ગૌરવ અપાવ્યું છે. ભારત સરકારના ગૃહનિર્માણ અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વચ્છતા માટે સર્વેક્ષણ કરીને પાલિકાઓને સ્વચ્છ સુરક્ષા માટે ક્રમ નક્કી કર્યા છે, જેમાં વાપી મનપા ગુજરાતમાં પાંચમાં સ્થાને રહ્યું છે. જે વાપી માટે તેમજ અહીંની મનપાની ટીમ માટે ગૌરવ લેવા જેવી વાત છે. જ્યારે આખા દેશમાં વાપી મનપા 20માં સ્થાને રહ્યું છે.

### રાજ્યમાં ભાવનગર મનપા પછી વાપીનું સ્થાન

વાપી મનપાને સ્વચ્છતા સર્વેક્ષણમાં રાજ્યમાં પાંચ ચાર મહાનગરપાલિકા પછી પાંચમુ સ્થાન મળ્યું છે, જેમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં રાજ્યમાં પ્રથમ સ્થાને અમદાવાદ મનપા, બીજા સ્થાને વડોદરા મનપા, ત્રીજા સ્થાને રાજકોટ મનપા, ચોથા સ્થાને ભાવનગર મનપા તથા પાંચમાં સ્થાને વાપી મનપાને સ્થાન મળ્યું છે.

### ડોર ટુ ડોર કચરો ઊંચકવામાં 95% સફળતા

વાપી મનપાને ડોર ટુ ડોર કચરો ઊંચકવામાં 95% સફળતા મળી છે. તેવી જ રીતે સ્વચ્છ પીવાનું પાણી આપવા માટે 100% સફળતા મળી છે. જાહેર શૌચાલયની સ્વચ્છતા માટે વાપી મનપાને 83% સફળતા, જ્યારે રહેણાક વિસ્તારની સ્વચ્છતા માટે વાપી મનપાને 100% સફળતા મળી હોવાનું આ સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું છે. બજાર વિસ્તારમાં પણ મનપાને સ્વચ્છતા માટે 100% સફળતા મળી હોવાનું આ સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું છે.

## દમણ એક્સાઇઝ વિભાગે ગેરકાયદે વહન થતા દારૂ ભરેલી ટ્રક ઝડપી

દમણ: ગુરુવારે બપોરે 12 કલાકની આસપાસ દમણ એક્સાઇઝ વિભાગને બાતમી મળી હતી કે, પાતળિયા કોસ્ટલ હાઈવે પાસેના પેટ્રોલ પંપ નજીક એક ટ્રકમાં મોટી માત્રામાં દારૂ બિયરના જથ્થો ગુજરાત તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમી મળતા જ વિભાગની એક ટીમે સ્થળ પર જઈ તપાસ કરતાં પેટ્રોલ પંપ સામેના રસ્તા પર એક ટ્રક નં.(GJ-03-BY-5545) જોવા મળી હતી. જ્યાં ટ્રકમાંથી પેપર ગ્લાસની આડમાં લઈ જવાય રહેલા મોટા પ્રમાણમા દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. વિભાગની ટીમે ટ્રકના ડ્રાઈવર હાજી સુલતાન આમરણીયા (મૂળ વતન-જામનગર) પાસે દારૂ-બિયરનાં જરૂરી બિલ અને પરમિટ માંગતાં તે રજૂ કરી શક્યો ન હતો. જેના પગલે એક્સાઈઝ વિભાગે ગેરકાયદે લઈ જવાઈ રહેલાં 419 બોક્સ દારૂ બિયરનો જથ્થો અંદાજિત કિંમત 10 લાખની આસપાસ કબજે કરવાની કાર્યવાહી કરી હતી. સાથે ડ્રાઈવરની અટકાયત કરી આ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

## પારડીમાં સગીરાને ભગાડી જનારો વિધર્મી તનવીર પુનાથી ઝડપાયો

**સગીરાના** મોબાઈલ પરથી જ તેના ભાઈને કોલ કરી ભગાડી ગયાની ધમકી આપી હતી



પારડી: પારડીના એક ગામમાં રહેતી 17 વર્ષીય તરુણી વાપી ખાતે એક કંપનીમાં નોકરી કરતી હતી. પરંતુ થોડા દિવસોથી નોકરીએ જતી ન હતી. જો કે, 14 જુલાઈએ યુવતી ઘરેથી ગાયબ થઈ ગઈ હતી. જેથી તેનો ત્રણ વર્ષ મોટો ભાઈ ચિંતિત બન્યો હતો અને તેની બહેનના મોબાઇલ પર ફોન કરતાં પ્રથમ તો સ્વીચ ઓફ આવ્યો હતો. આજુબાજુ વિસ્તારમાં બહેનની શોધખોળ કરી હતી છતાં ભાળ મળી ન હતી. ત્યારે ગુરુવારે પારડીમાં સગીરાને ભગાવી જનાર વિધર્મીને પીઆઇ જીઆર ગઢવીની ટીમે ગણતરીના કલાકોમાં તનવીર આરીફ ખલીફા (ઉં.આ.23) (રહે.,વાપી, કંચનનગર)ને પુનાથી ઝડપી જેલમાં ધકેલ્યો હતો. તરુણીના મોબાઈલ પરથી જ તેના ભાઈ પર ફોન આવ્યો હતો અને સામેથી તનવીર ખલીફા વાપીથી બોલું હોવાની ઓળખ આપી હતી અને તારી બહેનને હું જ સાથે લઈ ગયો હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત યુવકે તારાથી થાય તે કરી લેજે તેવી પણ ધમકી આપી હતી. આવતી કાલે પોલીસ મેડિકલ તપાસ કરી વલસાડની પોક્સો કોર્ટમાં હાજર કરશે હોવાની વિગતો જાણવા મળી હતી.

## વલસાડ નગરપાલિકાના ભંગાર વેચાણનું ભૂત ફરી ધૂણ્યું

**જે** કેસમાં પોલીસે ગુનો દાખલ કર્યો, આરોપી છૂટીને ફરીથી નોકરીએ લાગી ગયો એ કેસમાં ફરીથી ખુલાસો મંગાયો

વલસાડ: વલસાડ નગરપાલિકામાં વર્ષ-2019માં એસટીપીનો 9740 કિલોનો ભંગાર રૂ.2.33 લાખની નજીવી કિંમતે વેચી મરાયો હતો. જેના માટે ડ્રેનેજ કમિટીએ બે ટેન્ડર મંગાવી એક મંજૂર કરી તેને આપી દીધો હતો. આ મામલો કારોબારી કમિટીમાં પણ પહોંચ્યો ન હતો. ચીફ ઓફિસર અને પ્રમુખની સહી સાથે સીધું વેચાણ કરી દેવાયું હતું. વાત એટલેથી અટકી ન હતી. માલ વેચાયા બાદ તેના રૂ. 2.33 લાખની રકમ પણ પાલિકામાં જમા ન કરાવાઇ હતી. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર ડ્રેનેજ એન્જિનિયર કેયુર રાઠોડ હતો. તેની સામે ગુનો દાખલ થયો હતો. જે હંગામી ધોરણે પાલિકામાં નોકરી કરતો હોવા છતાં પાલિકાએ તેને અડધા પગારની ચૂકવણી કરી હતી અને હાલ ફરીથી આ કૌભાંડી કેયુર રાઠોડને ફરીથી નોકરી પર પણ લઈ લીધો છે. આખો મામલો એ સમયના અપક્ષ સભ્ય ઝાકિર પઠાણે બહાર પાડ્યો હતો. તેણે આખું કૌભાંડ ઉજાગર કર્યું હતું. જો કે, એ કૌભાંડના આરોપી છૂટા થઈને ફરીથી પાલિકામાં લાગી ગયા છે. ત્યારે ચીફ ઓફિસરે ફરીથી આ મામલે 5 દિવસમાં ખુલાસો માંગતી નોટિસ એ સમયના ડ્રેનેજ કમિટીના સભ્યોને મોકલી છે. જેની વ્યાપક ચર્ચા નગરપાલિકા વર્તુળમાં થઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી ગુરુકુલ વિદ્યાલય રાણી ફળિયામાં વ્યસનમુક્તિ સેમિનાર



વાંસદા: વાંસદાના રાણી ફળિયા ખાતે આવેલી શ્રી ગુરુકુલ વિદ્યાલયમાં બાળ સુરક્ષા કેન્દ્ર વાંસદાથી ઉપસ્થિત અધિકારીઓ દ્વારા માનસિક તાણ, સ્મોકની અસર, ટ્રાફિક નિયમો માર્ગ સલામતી અને નશામુક્તિ વિષય પર બાળકોને સમજ અને માહિતી આપી જાગૃત કરાયાં હતાં. વાંસદાના પી.આઇ. એન.એમ.આહીર, પી.એસ.આઇ. સી.એલ.મોહિતે દ્વારા ડ્રગ્સ અને સાયબર ક્રાઇમ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ વોરા જુહી, બાગુલ લલિતાબેન, પટેલ કલ્પેશભાઇ દ્વારા વ્યસનમુક્તિની સલાહ તેમજ મુકેશભાઇ દ્વારા બાળ-સહાય યોજના, પાલક માતા-પિતા યોજના વિશે જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય હેમાબેન રાઠોડ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

### વંદે ભારત ટ્રેનને વલસાડ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવા રેલવે મંત્રાલયનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

વલસાડ: લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ સાંસદ તરીકે ચુંટાઇ આવ્યા બાદ તેઓ વલસાડ જિલ્લાના વિવિધ પ્રશ્નો અને વિકાસકાર્યો અંગે સતત કાર્યરત રહી રાજ્ય તેમજ કેન્દ્ર સરકારને રજૂઆતો કરતા આવ્યા છે. વલસાડ જિલ્લાના મુખ્ય મથક ગણાતા વલસાડ શહેરના વલસાડ રેલવે સ્ટેશન ખાતેથી વંદે ભારત ટ્રેન શરૂ કરવા અને સ્ટોપેજ આપવા માટેની વખતોવખત રૂબરૂ મુલાકાત કરી કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવજીને લેખિત રજૂઆતો કરી હતી. આ સાથે જ તેમણે આ પ્રશ્નને સંસદમાં પણ રજૂ કર્યો હતો. સાંસદ ધવલભાઈ પટેલના અથાક પ્રયત્નો થકી આખરે કેન્દ્રીય રેલવે મંત્રાલય દ્વારા વલસાડ રેલવે સ્ટેશન ખાતેથી વંદે ભારત ટ્રેનને સ્ટોપેજ આપવાનું જાહેર કરવામાં આવતાં રેલ મુસાફરી કરતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

### દમણ નગરપાલિકાને ઈમર્જિંગ ક્લીન સિટી એવોર્ડ મળ્યો



દમણ: સંઘપ્રદેશ દમણ નગરપાલિકાને સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ્સ-2025માં ઈમર્જિંગ ક્લીન સિટીનો એવોર્ડ મળ્યો છે. ગુરુવારે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત એક સમારંભમાં દેશનાં 34 શહેરને સ્વચ્છતાના માપદંડમાં ખરા ઊતરવા બદલ દેશનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. જે પૈકી સંઘપ્રદેશ દમણ નગરપાલિકાને પણ સ્વચ્છતા સર્વેક્ષણ હેઠળ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ગુરુવારે કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટરના હસ્તે નગરપાલિકાના પ્રમુખ અસ્પી દમણીયા અને પાલિકાના ચીફ ઓફિસર સંજામ સિંહને એવોર્ડ એનાયત કરાયો હતો. પ્રથમ વખત દમણ નગરપાલિકાને આ પ્રમાણેનો એવોર્ડ મળતાં પાલિકાના સભ્યો અને કર્મચારીઓ સાથે પ્રદેશવાસીઓમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે.

### પારડી હાઇવે પર ટેમ્પોની કેબિનમાં ચોરખાનાં બનાવી રૂ.7.70 લાખના દારૂની હેરાફેરી, 1 ઝડપાયો

પારડી: પારડી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે પારડી ચાર રસ્તા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળો ટેમ્પો આવતાં પોલીસે રોક્યો હતો, જેમાં તપાસ કરતા કેબિનના ભાગે બનાવેલા ચોરખાનામાં દારૂનાં બોક્સ નંગ 50 જેમાં 2448 નંગ બાટલી જેની કિંમત 7.70 લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પોચાલક ગનેશ શંકર પવળે (રહે.,વાપી, મૂળ મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો અને આ દારૂના જથ્થા અંગે પૂછપરછ કરતાં અજાણ્યા ઈસમ જેના પૂરા નામની ખબર નથી એ દારૂ ભરી ટેમ્પો આપી ધરમપુર પહોંચી ફોન કરવા જણાવ્યું હતું. જેને પોલીસે વોન્ટેડ બતાવ્યો હતો અને દારૂનો જથ્થો, ટેમ્પો, મોબાઈલ સહિત કુલ 11.80 લાખનો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધરમપુરમાં શિસ્તબદ્ધ રીતે તાજિયા જુલૂસ કાઢનારાઓનું સન્માન



ધરમપુર: ધરમપુરમાં પોલીસ દ્વારા અપાતી ગાઇડલાઇન મુજબ સમયસર તેમજ શિસ્તબદ્ધ રીતે તાજિયા જુલૂસ કાઢવામાં આવ્યું હતું. તેમજ તાજિયા કમિટી દ્વારા કલાત્મક તાજિયા ધારાધોરણ મુજબની ઊંચાઈવાળા કાઢવામાં આવતાં પોલીસે તાજિયા કમિટીની કામગીરીને બિરદાવી હતી. આથી ધરમપુર પોલીસમથકે ડીવાયએસપી વર્મા અને પીઆઇ નિખિલ ભોયાના હસ્તે તાજિયા કમિટીના પ્રમુખ શબ્બીર શેખની ઉપસ્થિતિમાં ફરદીન જહીર શેખ તથા શાંતાબેન ભીખુભાઈ માછી અને યાકુબ મહેમુદ કાદરી સહિત ત્રણ તાજિયા આયોજકોને રોકડ પુરસ્કારનું ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડીવાયએસપી વર્મા, પીઆઈ નિખિલ ભોયા, પીએસઆઇ પ્રજાપતિ, તાજિયા કમિટી પ્રમુખ શબ્બીર શેખ, ઉપપ્રમુખ નાઝીમ બ્લોચ, લતીફ શેખ, અમજદ કાદરી સહિત મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પારડી સાંઢપોર પ્રા.શા.માં મધ્યાહન ભોજન ખંડનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ



વલસાડ: વલસાડ નજીકના પારડી સાંઢપોર ગામે આવેલી પારડી સાંઢપોર પ્રાથમિક શાળાના નવા મધ્યાહન ભોજન ખંડનું વલસાડ ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલ અને પારડી સાંઢપોર ગ્રામ પંચાયત સરપંચ ધર્મેશભાઈ ઉર્ફે ભોલાભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત કારોબારી ચેરમેન આશિષભાઈ ગોહિલ, એસએમસી ચેરમેન ત્રિશુલ પટેલ, શાળાના શિક્ષકો, શિક્ષિકાઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

## ઊંચાબેડા નહેર નજીક થાર ગાડીના ચાલકે અડફેટે લેતાં ઘેજ ગામના દંપતીનું મોત

**રસ્તો** ક્રોસ કરતી વેળા બેફામ ધસી આવેલા કારના ચાલકે દંપતીને ફંગોળ્યું હતું

ખેરગામ: ખેરગામ-ચીખલી રોડ પર વાડ ગામના ઊંચાબેડા નજીક થાર ગાડીના ચાલકે બેફામ વાહન ચલાવતાં ઘેજ ગામના મોપેડ સવાર દંપતીને અડફેટે લેતાં બંનેનાં મોત થયાં હતાં. આ મામલે પોલીસને જાણ થતાં ઘટના સ્થળે ધસી આવી હતી. અકસ્માત બાદ ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલીના ઘેજ ગામના રહેવાસી જિજ્ઞેશભાઈ પટેલના પિતા રતિલાલભાઈ (ઉં.વ.૬૧) અને માતા કંચનબેન (ઉં.વ.૫૬) મોપેડ નં.(જીજે 21 એલ 2775) ઉપર રસ્તો ક્રોસ કરી રહ્યાં હતાં. ત્યારે ખેરગામથી ચીખલી તરફ જતા માર્ગ પર વાડગામના ઊંચા બેડા નહેર પાસે એમએચ-14-KF-6662 નંબરની થાર કારનો ચાલક પૂરઝડપે ધસી આવ્યો હતો અને મોપેડ સવાર દંપતીને અડફેટે લીધું હતું. આ બનાવમાં રતિલાલભાઈનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે કંચનબેનને ગંભીર ઈજા સાથે હોસ્પિટલ લઈ જવાયાં હતાં. જ્યા તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં.

આ બનાવની જાણ થતાની સાથે જ ખેરગામ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ શરૂ કરી હતી. થાર કારનો ચાલક અકસ્માત બાદ ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના પી.આઈ. પી.ડી.ચૌધરી કરી રહ્યા છે.

## બલીઠામાં 21 જુગારી 24 લેપટોપ, 78 ફોન સાથે ઝડપાયા: રૂ.6.42 લાખનો મુદ્દામાલ કબજે

**ઓનલાઈન** સટ્ટા બેટિંગ જુગાર નેટવર્કનો પર્દાફાશ, ચાલી માલિક સહિત 3 વોન્ટેડ



### માસિક પગાર ઉપર નોકરીએ રાખ્યા હતા

પકડાયેલા ઈસમોની પોલીસ પૂછપરછમાં ધીરલ પટેલ તથા અશોક નમુ પટેલ (બંને રહે.,બલીઠા)એ માસિક પગાર ઉપર નોકરીએ રાખ્યા હતા અને રહેવાની, જમવાની સહિતની જરૂરિયાતો પૂરી પાડતાં અને કમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ ફોન દ્વારા ગ્રાહકોને અલગ-અલગ ઓનલાઈન વેબસાઈટ, એપ્લિકેશનમાં ચાલતી ગેમોમાં પૈસાનું રોકાણ કરાવી આઈડી પાસવર્ડ આપી ઓનલાઈન પૈસા ડિપોઝિટ તથા વિડ્રોલ કરી પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા હતા. જ્યારે અભિષેક યાદવ મેનેજર તરીકે તમામ ઉપર નજર રાખતો હતો. અહીં તીનપત્તી, ડ્રેગન ટાઈગર, એવીયેટર, ગોલ્ડ, 11 એક્સપ્લે, લેસર 247, મારિયો, લક્ષબેટ, વજીર, કે.ડી.એક્સચેન્જ વગેરે ગેમ રમતા હતા.

વાપી: ઓનલાઈન સટ્ટાબેટિંગ જુગારના નેટવર્કનો પર્દાફાશ વલસાડ એલસીબી ટીમે કર્યો છે. વાપી નજીકના બલીઠામાં આવેલી ચાલીના ત્રીજા માળની રૂમમાંથી 21 જુગારીઓ 24 લેપટોપ, 78 મોબાઈલ ફોન સાથે ઝડપાઈ ગયા હતા. લેપટોપ, મોબાઈલ ઉપરાંત એટીએમ કાર્ડ 67, બેંકની પાસબુક 49, સીસીટીવી કેમેરા 4, ડીવીઆર અને ખુરશીઓ મળી કુલ રૂ.6.42 લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલીમાલિક સહિત 3 વોન્ટેડ બતાવ્યા હતા. પકડાયેલા તમામ તેઓની ચાલીમાં જ રહેતા અને મૂળ યુપી અને બિહારના છે. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસમથકમાં કરવામાં આવી હતી.

વાપીના બલીઠા કોળીવાડ, નવી નગરીની સામે આવેલી અશોક નમુભાઈની ચાલીના ત્રીજા માળે આવેલી રૂમમાં રેડ કરવામાં આવી હતી, જેમાં ઓનલાઈન એપ્લિકેશન ઉપર અલગ-અલગ ઓનલાઈન રમતા 21 જુગારી ઝડપાઈ ગયા હતા. પકડાયેલા તમામ લોકો અશોકની ચાલીમાં જ રહેતા જેઓનાં નામઠામ પૂછતા (1) સોયેબ જમીલઅહેમદ ખાન (ઉં.વ.25), (2) સિરાજ સફાત બિસ્મીલ્લાહ અંસારી (ઉં.વ.24), (3) વિનોદકુમાર રામસવારે શિવલાલ વર્મા (ઉં.વ.25), (4) ઈસ્તીયાક ઉર્ફે ગુલ્લર ઈકબાલ શમીબુલ્લા હુસૈન (ઉં.વ.22), (5) અખિલેશ સુભાષ ઈનરૂ ચૌહાણ (ઉં.વ.28), (6) મહમદ ઝીશાન ઝુલ્ફીકાર અહમદ ફોજદાર ખાન (ઉં.વ.23), (7) ઝીશાન એહમદ મસી અહેમદ સનાઉલ્લા ખાન (ઉં.વ.22), (8) શકીલ કલીમમુલ્લા હામીદ ખાન (ઉં.વ.23), (9) પવનકુમાર સીંગ ઉર્ફે રવીસીંગ રામક્રીપાલ યદુનાથ સીંગ (ઉં.વ.30), (10) સંજય સુરેશ જમુના ચૌહાણ (ઉં.વ.20), (11) દીપરાજ સીંગ ઉર્ફે કિશન સીંગ રામક્રિપાલ યદુનાથ સીંગ (ઉં.વ.23), (12) પપ્પુ લલનપ્રસાદ મોર્યા (ઉં.વ.25), (13) તૌહિદ ખાન મહમદ નફીજ મકબુલ અહમદ ખાન (ઉં.વ.21), (14) દિલશાદ મહીઉદ્દીન અબ્દુલજલીલ ખાન (ઉં.વ.22), (15) શાકીર હુસૈન બાબુલ્લા રામસુલ્લા ખાન (ઉં.વ.23), (16) પરવેઝ સમીઉલ્લા અબ્દુલહમીદ ખાન (ઉં.વ.23), (17) જાશીમ અસલમ સમીમ ખાન (ઉં.વ.28) (તમામ રહે., મૂળ યુપી), (18) આદિત્ય ધનંજય રામાયણ સીંગ (ઉં.વ.22), (19) શિવમ ગયા જલેશ્વર સીંગ (ઉં.વ.25), (20) રાશીદ મુસ્તફા આસમહદમ અન્સારી (ઉં.વ.29) અને (21) પુનીયાનંદ ઉર્ફે નંદુ રામ ખોખાઈ મુખીયા (ઉં.વ.31) (તમામ મૂળ બિહાર) હોવાનું જણાવ્યું હતું. વોન્ટેડ (1) ધીરલ અશોક પટેલ (રહે. બલીઠા), (2) અશોક નમુ પટેલ (ચાલી માલિક) અને (3) અભિષેક યાદવ (રહે.,બલીઠા) અહીં તીનપત્તી, ડ્રેગન ટાઈગર, એવિયેટર, ગોલ્ડ, 11 એક્સપ્લે, લેસર 247, મારિયો, લક્ષબેટ, વજીર, કે.ડી.એક્સચેન્જ વગેરે ગેમ રમતા હતા.







આ ભાવ અને મજુરીમાં ક્યાંય નહી મળે

મજુરી*

પ્લેઈન ગોલ્ડ 7.90%

એન્ટીક જ્વેલરી 10.90%

*શરતો લાગુ

આજના ભાવ માટે ફોન કરો 9825558181

આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ)